# તમારાં બાળકો ઝઘડે છે?

પેરેન્ટિંગ - મોક્ષદા વ્યાસ



માતા-પિતા દરેક બાળકને સરખો પ્રેમ કરતાં હોય છે, પરંતુ જ્યારે તેમના બાળકોમાં ઝઘડો થાય છે ત્યારે તેઓ મુશ્કેલીમાં મુકાઈ જાય છે કે કોનો પક્ષ લેવો અને કોને ખીજાવું. આવી પરિસ્થિતિમાં શું કરવું તેના વિશે જાણીએ...

- **બાળકોના ઝઘડાથી દૂર રહો**

પેરેન્ટ્સે બાળકોના ઝઘડામાં જો જરૂર ન હોય તો પડવું જ ન જોઈએ. બાળકોને પોતાની સમસ્યા જાતે જ દૂર કરવા દો. જો તમને એવું લાગે કે તમારે વચ્ચે પડવું જ પડશે તો માત્ર તેમને એકબીજા સાથે સુલેહ કરવાની સલાહ આપો. તમારી કોઈ પણ કમેન્ટ ઝઘડાને વધુ મોટો બનાવે છે.

- **સારી આદતો શીખવો**

બાળકોને એકબીજાને સમજવાની અને સહકાર આપવાની ભાવના શીખવો. તેમને સાથે રહેવાના આનંદ વિશે સમજાવો. આવું કરવાથી તેમના વચ્ચે ઝઘડા ઓછા થશે.

- **ઝઘડાને મહત્ત્વ ન આપો**

બાળકોના ઝઘડાને મહત્ત્વ ન આપો. બે બાળકોમાંથી એકનો પક્ષ લેવાથી સમસ્યા વધુ વિકટ બને છે. આવા ઝઘડા ટેમ્પરરી જ હોય છે માટે માતા-પિતાએ તેનાથી દૂર જ રહેવું જોઈએ.

- **ઝઘડા ટાળવા વ્યસ્ત રાખો**

ટીનેજર્સના ઝઘડા ટાળવા તેમને કામમાં વ્યસ્ત રાખો. આવું કરવાથી તેમનું સંપૂર્ણ ધ્યાન તેમના કામમાં હશે અને તેમના વચ્ચે ઝઘડા પણ નહીં થાય તેમજ તમે ઘરના કામના બે ભાગ કરી બંનેને વહેંચી દો જેથી કોઈ કોઈના કામમાં હસ્તક્ષેપ ન કરે.

- **ઝઘડાનાં કારણોથી બચો**

બાળકોમાં થતા ઝઘડા અટકાવી શકાય જો પેરેન્ટ્સ ઝઘડાનાં કારણો અને પરિસ્થિતિ જાણતાં હોય. બાળકો વચ્ચે થતા આવા ઝઘડાને દૂર કરી સારી ભાવના વિકસાવવાની કોશિશ કરો.